


## સલામી સવારની..

*બોર્ડ-નિગમે, પદ ભરી, પતન ખાળવી રાખો!*
*આપી ધો સત્તા, ચરી ખાવાની, જૂથ જાળવી રાખો!*
*ઓળવી લ્યો વહીવટ, જગ્યા ખાલી રાખી તંત્રમાં -*
*ટકાવી રાખો સત્તા, જવાબદારી, ફાળવી નાખો!*

હાઈકુ

*જન્મ પ્હેલાંથી -*
*સ્વાતંત્ર્ય સંગ્રામમાં -*
*કર્યું છે સહન!!*
*(ભાજપ કરશે દાવો!)*

*બે દિન માટે...*
*ભજવાશે નાટક -*
*લોકશાહીનું...*
*(વિધાનસભા ચાલુ)*

## ચિંતન

**કદાચિદપિ ચરિત્રં ન લંઘેત ।**

ચારિત્ર્યનું ઉલ્લંઘન કયારેય ન કરવું જોઈએ. ચાણક્ય સૂત્રમાંથી ઉપરોક્ત શ્લોક લેવામાં આવેલ છે.

કામક્રોધ, મોહ-મમતા, લોભ-લાલસા, નશો આદિ મનની કમજોરીઓ છે અને મનુષ્યે કયારેય એને વશ ના થવું જોઈએ. માનવ-ચારિત્ર્યના આ સૌથી પ્રબળ શત્રુઓ છે. એમને વશ થવાથી કયારેક વિપત્તિઓનો સમાનો કરવો પડે છે. આથી ચારિત્ર્યની લક્ષ્મણરેખા કયારેય ન ઓળંગવી જોઈએ.

આજકાલના નેતા-પ્રધાનો-રાજયપાલો અધિકરીઓ પદ અને પૈસાના મોહપાસમાં બંધાય છે અને ચારિત્ર્યના બંધન ઢીલાં મૂકી દે છે પરિણામે પતન-બદનામીને પ્રાપ્ત થાય છે. સામાન્ય માનવીનો મન પર કાબૂ-સંયમ ન હોવાથી મોહ-માયા-વાસનાની લપસણી પર લપસી પડે છે.

અભ્યાસથી-સંયમથી મન પર કાબૂ રાખી 'ચારિત્ર્ય'ની પુંજી સાચવી માણસ હૃદયથી-અંદરથી સમૃદ્ધ થઈ શકે.

## સુવિચાર

- ભલેને અટપટા સૌ દાખલા છે સંબંધમાં... પણ અહમને બાદ કરો તો જવાબ સહેલા છે - **મોરારિ બાપુ**
- હોંશિયાર માણસથી ભૂલો થાય તેવું કયારેક બને પણ
  ભૂલોથી માણસ હોંશિયાર થાય તેવું જરુર બને છે - **સમયસૂત્ર**
- ટીકા એ કીર્તિની કમાણી પરનો સામાજિક કરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રલોભન સામાન્ય રીતે જયાંથી પ્રવેશ કરે છે તે દ્વાર
  જાણી બૂઝીને ખુલ્લું રાખવામાં આવેલું હોય છે - **સુરેશ દલાલ**
- પોતાની જાતને જોવી તે મોઢું ફેરવ્યા વિના પાછળ નજર ફેરવવા જેટલું કપરું કામ છે - **જનકલ્યાણ**
- ભવિષ્ય ભણી નજર રાખીને તૈયારી કરવી તે
  ભૂતકાળ ભણી જોઈને પસ્તાવા કરતા વધુ સારું છે - **જેકી જોઈનર**
- આજનું ઔષધ : મકાઈનો લોટ દહીંમાં ભેળવી લેપ કરવાથી ચહેરા પર ચમક અને સ્નિગ્ધતા આવે છે

**(દીપક વી. આસરા)**

## બોધકથા

ઈશ્વર પર શ્રદ્ધા-વિશ્વાસ હોય તો કોઈ પણ (સારી-ખરાબ) પરિસ્થિતિમાં પણ માણસ વિચલિત થતો નથી અને તટસ્થ અને શાંત રહી શકે છે.

શેઠ પોતાની પુત્રીની નોટબૂક અને પુસ્તકોને પૂઠાં ચડાવવાનું કામ કરતા હતા. અનેક શહેરમાં એમનો 'રૂ' નો વેપાર અને ગોદામ હતા.

બરાબર એ જ વખતે મુનિમ દોડતો-હાંફતો શેઠ પાસે આવ્યો અને કહ્યું, શેઠ પેઢી પર 'તાર' આવ્યો છે. (જૂના સમયમાં ટૂંકી ભાષામાં પોસ્ટખાતામાં દ્વારા વાયરલેસ સંદેશા આવતા તેને 'તાર' કહેવાય - નવી પેઢની જાણકારી માટે) શેઠે પૂઠાં ચઢાવવાનું કામ ચાલું રાખ્યું એમને ઈશ્વર ખૂબ શ્રદ્ધા-વિશ્વાસ હતાં - બોલ્યા, ઠીક ઈશ્વરની એવી ઈચ્છા હશે!

મુનિમ ચાલ્યો ગયો. પેઢી પર ગયો ફરી તાર નિરાંતે વાંચ્યો - કવર પર નજર પડી તો સરનામું બીજા કોઈ વેપારીનું હતું. ફરી ખૂશ થઈ દોડ્યો - શેઠને કહ્યું, 'શેઠજી હવે ખુશખબર છે એ 'તાર' આપણી પેઢીનો ન હતો!

શેટે કહ્યું - જેવી ઈશ્વરની મરજી!

# કુદરતી આપત્તિઓ સામે સતર્કતા વધારીએ

ભારતનો અડધોઅડધ ભૂ-ભાગ જળબંબાકાર થયો છે. બિહાર-રાજસ્થાન-ઉત્તરપ્રદેશ-મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળના કેટલાય જિલ્લાઓનાં સતત ભારે વરસાદના પગલે લાખો લોકોનું સ્થળાંતર અનિવાર્ય બન્યું છે. છેલ્લા એક અઠવાડિયાથી ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશમાં અતિ ભારે વરસાદ પૂરની પરિસ્થિતિ સર્જાઈ છે. છેલ્લા ૩૬ કલાકમાં પાંચ રાજયોમાં જળસંકટની ૪૦થી વધુ નાગરિકોના મોત થયા છે. આ કુદરતી આપત્તિને પહોંચવા સમાજ અને શાસન સાથે મળીને કાર્યરત થાય ત્યારે જ અસરગ્રસ્તોને રાહત પહોંચાડી શકાય છે. રીવા-પન્ના ગામો અને વિદિશા જિલ્લાઓમાં સ્થિતિ અતિગંભીર છે. જયારે ગંગાકિનારાના ઉત્તરપ્રદેશના જિલ્લાઓમાં પણ લાખો લોકો બેહાલ થયા છે. છેલ્લા ૩ દિવસથી ગંગા ભયજનક સપાટીથી ઉપર વહે છે. રાજસ્થાન પણ અતિવૃષ્ટિનો ભોગ બન્યું છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ દેશની મોટી નદીઓમાં પુર આવ્યા છે. ઉત્તરીય-પશ્ચિમ વિસ્તારોમાં અતિભારે વરસાદને પગલે ભારે બેહાલી સર્જાઈ છે. નુકશાનના આંકડા સરકારી સર્વે બાદ બહાર આવશે પરંતુ પ્રાથમિક અંદાજો મુજબ નુકશાનના આંકડા કરોડોમાં પહોંચે છે. ગંગા-યમુના-નર્મદા-મહી આપણી લોકમાતાઓ છે. પરંતુ અતિભારે વરસાદને પગલે જયારે રૌદ્ર સ્વરુપ ધારણ કરે છે ત્યારે ભારે વિનાશ સર્જાય છે. જાનહાનિના આંકડા પણ મોટા થતા જાય છે. રસ્તાઓ ધોવાય છે. રેલ વ્યવહાર અને માર્ગ વ્યવહાર ખોરવાય છે. લાખો લોકોનું સ્થળાંતર કરવું પડે છે અને રોજિંદા વ્યવહારો અટવાય છે. આ પ્રતિવર્ષ ક્રમ અનુભવાય છે. આ વર્ષે 'અ' રાજય હોય આવતાં વર્ષે 'બ' રાજય હશે. હાલાકી તો ભોગવવી જ પડે છે. વિનાશના આંકડાઓ અખબારોની હેડલાઈન બને છે. આ હકીકતોને સ્વીકારવી જ રહી.

જિલ્લા કક્ષાથી લઈ રાષ્ટ્રીય કક્ષા સુધી આપત્તિ વ્યવસ્થાપન તંત્ર છેલ્લા દાયકાથી ખુબ જ સક્રિય છે. આપણાં હવામાનતંત્ર આગાહી કરે છે પણ એના અનુમાનો કેટલા સાચા પડે છે અને કેટલાં નિરર્થક બને છે તેની સમીક્ષા જરુરી છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટને વધુ સજ્જ બનાવવાની આવશ્યકતા વધતી જાય છે. નુકશાન થયા પછી રાહત અને સહાયની કામગીરી આપણે ઉત્તરોત્તર કરીએ છીએ પરંતુ નુકશાન ન થાય એવી કામગીરી હજુ કાચી પડે છે. વિકાસ નવું કરવાથી જરુર થાય પણ વિનાશ અટકાવવાથી પણ વિકાસને મહત્ત્વ મળે છે. સંભવિત વિનાશ અટકાવવો એ વિકાસનું પ્રાથમિક પગથિયું છે. વાવાઝોડા-પૂર-ભૂકંપ જેવી કુદરતી આપત્તિ અંગે અનુમાનો કરવા માટે ચોક્કસ વૈજ્ઞાનિક પદ્ધતિને વિશિષ્ટ રીતે કાર્યરત કરવી જોઈએ. જો કે કુદરત સામે વિજ્ઞાન લાચાર બની જાય છે. એ માન્યતા હજુ પણ અકબંધ છે. વિજ્ઞાનની મથામણ

**તંત્રીસ્થાનેથી...**

છતાંય માનવજાતના ખતરામાં જોઈએ તેટલો ફરક નથી પાડી શકાયો તે સ્વીકારવું જ રહ્યું. આ વિષય ચર્ચાનો તો છે જ પણ ચિંતાનો પણ છે. આગામી દિવસોમાં વિજ્ઞાનના માધ્યમથી સંભવિત નુકશાનને નાથવામાં સફળતા મળે તે પણ વિકાસનું એક કદમ જ છે.

# એક વો દૌર થા, એક યે દૌર હૈ

અબ્રાહ્મ લિંકને જે શાળામાં એમનો પુત્ર અભ્યાસ કરતો હતો એ શાળાના હેડ-માસ્ટરને એક પત્ર લખ્યો હતો અને તેનો અનુવાદ અહીં રજૂ કરું છું. જાગૃત વાલી અને સંચાલકો થોડી આંખ માંડે કદાચ ઘણું મેળવી શકશે.

આચાર્યશ્રી,

હું જાણું છું કે એને શીખવવું પડશે કે બધાં જ માણસો ન્યાયી નથી હોતા. સાચા પણ નથી હોતા, પરંતુ તમે એને શીખવજો કે દરેક ધૂર્તની સાથે એક નિષ્ઠાવાન માણસ પણ હોય છે. પ્રત્યેક સ્વાર્થી રાજકારણીની સાથોસાથ એક સનિષ્ઠ રાજનેતા પણ હોય છે. એને તમે શીખવજો કે દરેક દુશ્મનની સાથે એક મિત્ર પણ હોય છે. સમય તો લાગશે જ, પણ બની શકે તો એને શીખવજો કે કમાણી કરો મેળવેલા એક ડૉલરનું મૂલ્ય એમને એમ મળી ગયેલા પાંચ ડૉલર કરતાં વિશેષ છે. એને ગુમાવતાં પણ શીખવજો અને સાથે સાથે જીતનો આનંદ માણતા પણ, ઈર્ષ્યાથી એને દૂર લઈ જજો. શક્ય હોય તો એને શાંત સૌમ્ય હાસ્યનું હાર્દ સમજજો. એની સાથે એને નિરાંતનો સમય આપજો કે જેથી એ આકાશમાં ઉડતાં પંખીઓનો, સૂર્યકિરણોમાં ગૂંજન કરતા ભ્રમરોનો અને હરિયાળી પહાડીઓ પર ખીલેલાં પુષ્પોનો અનંત મહિમા માણી શકે.

શાળામાં એને શીખવજો કે છેતરીને ઉત્તીર્ણ થવા કરતાં નાપાસ થવું વધુ માનભર્યું છે. પોતાના વિચારોમાં શ્રદ્ધા કેળવતા એને શીખવજો - પછી ભલે કોઈ કહે કે વિચારો ખોટા છે. મૃદુ માણસો સાથે મૃદુતાથી વર્તતા એને શીખવજો. અને જબરા સાથે જબરા થતાં. મારા પુત્રમાં એવું આત્મબળ સિંચવાનો પ્રયત્ન કરજો કે જેથી એ બેંડવાજામાં સામેલ થઈ ટોળાને અનુસરે નહીં. બધાંને સાંભળતા એને શીખવજો પણ જે કંઈ સાંભળે એને સત્યને, ગળણે ગાળી એમાં સત્ય રહેલું હોય તે જ ગ્રહણ કરે.

બની શકે તો તમે એને ગમગીનીમાં હસતાં શીખવજો, સાથે સાથે એણે જાણવાનું છે કે રુદનના અશ્રુમાં શરમ નથી. બહુ મીઠું બોલનારાઓથી સાવધ રહેતાં એને શીખવાનું છે. એનું પોતાનું મગજ સૌથી વધારે જે મૂલ્ય આપે એને ભલે આપે પણ તમે એને શીખવજો કે પોતાના હૃદય અને અંતરાત્મા ઉપર કોઈ કિંમતનું લૅબલ એ ન મારે! ગરબડ અને ઘોંઘાટ મચાવતા ટોળા સામે એના કાન એ બંધ કરે પણ એને લાગે કે પોતે સાચો છે ત્યારે એ માટે ઊભા થઈ લડતાં એને શીખવજો.

તમે એની સાથે મૃદુતાથી વર્તજો પણ વધુ પડતાં એને લાડ કરશો નહિ. અગ્નિમાં પસાર થાય છે ત્યારે જ લોખંડમાંથી પોલાદ બને છે! હંમેશા પોતાની જાતમાં શ્રદ્ધા રાખવાનું એને શીખવજો. તો જ એને માનવજાતમાં હંમેશા શ્રદ્ધા રહેશે.

આ તો બહુ મોટું ફરમાન છે! તમારાથી જે થઈ શકે તે કરજો. એ એટલા સરસ નાનકડો છે - મારો દીકરો.

અબ્રાહ્મ લિંકનને જે જાતનું શિક્ષણ એમનાં પુત્રને આપવાનું શાળાના આચાર્યને લખ્યું છે એવું આજે કેટલા મા-બાપ લખશે? અને સાથે ઘડતર કરી શકે તેવા શિક્ષકો અને શાળા-પાઠશાળા આપણી પાસે છે ખરાં?

આજનો પિતા આચાર્યને પત્ર લખે તે કેવો પત્રો લખે તેની કલ્પના કરી જોઈએ.

આચાર્યશ્રી,

તમારી શાળામાં દાખલ થતા બાળકને તમે અત્યાધુનિક શિક્ષણ આપજો. સત્ય અને પ્રામાણિકતાની વાત ઠીક છે, પરંતુ અસત્ય અને અપ્રમાણિકતાનાં પિલર પર ઊભેલી સિસ્ટમમાં ફીટ થવાનું તેને શીખવજો. નૈતિક મૂલ્યો અને સૈદ્ધાંતિક મૂલ્યોની વાત ઠીક પણ તેને પૈસાનું




મૂલ્ય સમજાવજો. તેને જણાવજો કે તમારી ઈન્ટરનેશનલ સ્કૂલમાં કેટલી તગડી ફી ભરવામાં આવી છે, તેને કેવી રીતે વસૂલ કરવી તે શીખવજો. અને હા! અહિંસા, સહિષ્ણુતા અને સહનશીલતાના પાઠ શીખવીને વેદિયો ન બનાવતા.

તેનામાં સ્પર્ધા અને ઈર્ષ્યાનો ભાવ જાગૃત રહે તે જોતાં રહેજો. કારણ કે હરિફાઈના આ યુગમાં ટકવા માટે આવો ભાવ આવશ્યક છે. સૌમ્ય, ઋજુ અને સંવેદનશીલ હૃદયવાળો કાચો વ્યક્તિ ન બનાવતા. તેને કઠોર સમાજમાં ટકવાનું છે કઠોર બનાવજો.

પરીક્ષામાં વધારે ગુણ લાવવા એ અગત્યનું છે, કેવી રીતે લાવવા એ મહત્ત્વનું નથી. થોડું અવળું જોઈ લે અથવા નાની-મોટી ચોરી કરે તે ચાલી જાય છે. પણ ગુણાંક વધારે મેળવવા જ એ તેને સતત માથે મારતા રહેજો. આમ પણ આપણા દેશમાં ચોરી કરવી એ ગુનો નથી પણ પકડાઈ જવું ગુનો છે. માટે ચોરી કરીને કેવી રીતે ન પકડાવું તે રીત શીખવજો. આમ તો દરેક વિષયના ટ્યુશન અને કોચિંગ અમે રખાવ્યા જ છે, કારણ કે અમને શાળામાં તમે કેટલું ભણાવશો તેની પણ વિશ્વાસ નથી, આથી કયારેક ટ્યુશનના લેસનને કારણે સ્કૂલ-વર્ક બરાબર ન કરે તો તેને શિક્ષા ન કરતા.

**અનુસંધાન પાના નં. ૭ પર**

# આપણે આપણા નાગરિક ધર્મ બાબતમાં સજાગ છીએ?

એક પરીચિત અને સુશિક્ષિત યુવાનને તેના મોંઘા અને આધુનિક મોટરબાઈક સાથે બેઠેલો જોયો. એક જાણીતી આઈટી કંપનીમાં તે સારા પગારથી કામ કરે છે. ઓફિસ જવાના સમયે અને શેરીના અંદરના ભાગમાં તેને બેઠેલો જોયો તેથી નવાઈ લાગી. તેના મોં પર ગુસ્સા મિશ્રીત કંટાળાનો ભાવ જોતાં થોડું વિશેષ કુતૂહુલ થયું. નજીક જઈને પૂછ્યું : ''કેમ ઓફિસે નથી જવું ? તબિયત તો બરાબર છે ને ?'' યુવાનનો જવાબ આશ્ચર્ય તથા આઘાત પમાડે તેવો હતો. તેણે કહ્યું : '' ઓફિસે પહોંચવાનું મોડું થાય છે એજ તો મોકાણ છે. ઓફિસે જતાં જે ચાર રસ્તા અનિવાર્ય રીતે ઓળંગવા પડે તેમ છે ત્યાં ટ્રાફિક પોલીસના માણસો ખોટી હેરાનગતિ કરે છે.'' જવાબ સાંભળીને નવાઈ લાગી. સમજાયું પણ નહિ એટલે યુવાનેજ સ્પષ્ટતા કરી : ''હેલ્મેટ ન પહેર્યું હોય તેને ઊભા રાખે છે અને દંડ કરે છે '' આ એક બનેલી ઘટના છે. પરંતુ આ પ્રસંગ એકલદોકલ નથી. કોઈપણ કાયદો જે કદાચ આપણાં હિતમાં હોય તો પણ તેનું પાલન કરવાની વૃત્તિ સામાન્યરીતે આપણે કેળવી નથી. કાયદાનું પાલન કરવું તે સભ્ય સમાજના દરેક નાગરિકની પ્રથમ ફરજ છે તે વાત જાણે કે આપણે વિસારી હોય તેમ લાગ્યા કરે છે. કાયદાનો કે નિયમનો ભંગ કરવામાં કેટલીકવાર એક છૂપો આનંદ થાય છે. સમાજના સુચારુ સંચાલન માટે એક નિયમોનું માળખું બનાવવામાં આવે છે. સમાજમાં રહેતા નાગરિકો માટે આ નિયમોનું પાલન કરવું તે નાગરિક ધર્મ છે. બંધારણીય હક્કો મેળવવા માટે આપણે જાગૃત હોઈએ તે સારી વાત છે. પરંતુ નાગરિક સમાજ જો પોતાની ફરજોના નાગરિક ધર્મનું પાલન કરે તોજ બાકીના નાગરિકોને તેમના હક્ક ભોગવવા મળે એ સીધી સાદી વાત છે. મારું વાહન જો હું રસ્તાની વચ્ચે ટ્રાફિકને અડચણરૂપ થાય તેમ પાર્ક કરું તો ટ્રાફિકમાંથી સરળ અને ઝડપી રીતે પસાર થવાનો અન્ય નાગરિકોનો હક્ક તરતજ નંદવાય છે.

કાયદો કે નિયમ અન્યાયકર્તા કે અવ્યવહારુ હોય તો તેનો પ્રતિકાર કરવાનો લોકશાહી શાસન વ્યવસ્થામાં આપણો હક્ક છે. પરંતુ જ્યાં સુધી કોઈ કાયદો અસ્તિત્વમાં છે ત્યાં સુધી તો તેનું પાલન કરવું તે આપણો નાગરિક ધર્મ છે. આ વાત સદીઓ પહેલા સોક્રેટીસે એથેન્સના અને સમગ્ર વિશ્વના નાગરિકોને પોતાના જીવનનું બલિદાન આપીને શીખવી. મહાત્મા ગાંધીએ જીવનના ડગલે ને પગલે નાગરિક ધર્મ — સમાજ ધર્મ નિરંતર અને ક્યારેક તો કપરા સંજોગોમાં પણ એકનિષ્ઠાથી નીભાવ્યો. લોક સમૂહને અસરકારક સંદેશ આપવાની આ બાપુની નિરાળી પદ્ધતિ હતી. આપણે કેમ તેનાથી વિમુખ થતાં જઈએ છીએ ? દેશ આઝાદ થયો છે તેની ઉજવણીના શુભ પ્રસંગે આવાત સમાજ વિચારતો થાય તે આજની જરૂરિયાત લાગે છે. જે નાગરિક ધર્મનું મહત્વ સમજતા હોય તેમણે શરૂઆત તો પોતાની જાતથીજ કરવી પડશે. ઉપદેશો — ભાષણોની અસર ન થાય એવું બને પરંતુ કેટલીક વ્યક્તિઓ દ્વારા આ બાબતમાં સાચી દિશાનું આચરણ બીજા માટે માર્ગદર્શક તથા પ્રોત્સાહક બની રહેશે. શહેર કે નગરની વચ્ચે આવેલું રેલ્વેનું ફાટક ટ્રેઈન પસાર થાય ત્યારે રાહદારીઓની સલામતી માટે બંધ રાખવું જરૂરી બને છે. આ સ્થિતિમાં પણ ક્યારેક એવા દ્રષ્યો જોવા મળે છે કે નાના વાહનચાલકો ફાટકને થોડું ઊંચુ કરી અને જાત તથા વાહનને નમાવીને ફાટક ખુલે તે પહેલા નીકળી જવાના પ્રયાસ કરે છે. નિયમને તેના પાલન દ્વારા સહેજ પણ નમન નહિ કરનાર શૂરવીરો આવા સમયે ખાસ્સુ નમીને નીકળી જવા માટે અંગ કસરતના જાહેર પ્રયોગ કરે છે ! ક્યારેક અકસ્માત સર્જાય ત્યારે આપણે એક સમાજ તરીકે ઊંડી ખીન્નતા પણ અનુભવીએ છીએ. પરંતુ તેને રોકવાનો કોઈ ઉપાય વિચારતા નથી. આ એક જાણીતી બાબત છે. માત્ર ટીકાત્મક વલણ પ્રગટ કરવાથી સાચી દિશાનું અને સ્થાયી કાર્ય નહિ થાય. કારણ કે ટીકા કરનારાઓ પણ મહદ અંશે કોઈને કોઈ પ્રસંગે પોતાનો નાગરિક ધર્મ ચૂકી ગયા હોય છે.




કાયદો કે અસરકારક વહીવટીતંત્ર ફેર જરૂર પાડી શકે પરંતુ તે બાબતમાં પણ ઘણીવાર સમય જતાં બન્ને પક્ષે (નાગરિકો તથા સત્તાવાળાઓ) અલગ અલગ કારણોસર શિથીલતા આવતી જોવા મળે છે. તંત્રના વ્યાપની પણ એક મર્યાદા છે. આથી યોગ્ય કાનૂન અને તેના અમલ પર જાગૃત નજર રાખનાર તંત્ર ઉપરાંત સમાજે પણ કંઈક કરવું પડશે. આવા સમયે નાનાભાઈ ભટ્ટ તથા દર્શક જેવા કેળવણીકારો યાદ આવ્યા સિવાય રહેતા નથી. તેમણે જે શિક્ષણની વાત કરી તે ખરા અર્થમાં કેળવણી હતી. 'કેળવે તે કેળવણી' ના સૂત્રને તેઓ જીવી ગયા અને અનેક કિશોર — તરુણોને ખરા અર્થમાં કેળવ્યા. દર્શક નાનાભાઈની શિક્ષણ પ્રથાના સાંપ્રતકાળમાં પણ ઉપયોગી થાય તેવા તત્વોનો સમાવેશ આપણી શિક્ષણ વ્યવસ્થામાં કરવા અંગે પણ વિચારી શકાય. બાળકો તથા કિશોરોમાં નાગરિક ધર્મ રોપવામાં આવે તોજ ભવિષ્યમાં નાગરિક ધર્મ તરફ સભાન હોય તેવા જવાબદાર નાગરિકોનું નિર્માણ થઈ શકે. વ્યક્તિગત રીતે પણ દરેક નાગરિકે પોતાની ફરજ કે નાગરિક ધર્મ વિશે સજાગ થવું પડશે અને સક્રિય રહેવું પડશે. ઉપદેશો — લેખો કે ભાષણોથી જે કામનો વ્યાપ નહિ થાય તે કામનો પ્રસાર વ્યક્તિગત આચરણથી સરળ તથા અસાધારણ ઝડપી બની શકશે.

''અન્ય લોકો નાગરિક ધર્મ ન બજાવે તો આપણે કેમ બજાવીએ ?'' એ વૃત્તિને પ્રયત્નપૂર્વક દૂર રાખવા જેવી છે. કોઈ નહિ કરે તો કરશે કોણ ? કવિ ઉશનસના શબ્દો યાદ આવે છે.

કોક જણે તો કરવું પડશે ભાઈ !
એક જણે તો કરવું પડશે ભાઈ !
કશુંયે ના કરવાની કેવી આ તામસ હરીફાઈ !

# ઝવેરચંદ મેઘાણીએ લખેલા શબ્દો આજે પણ લોકહૈયામાં ગુંજ્યા કરે છે

'મારે અંગ્રેજી ભાષામાં ઝવેરચંદ મેઘાણી વિશે નિબંધ લખવો છે, હું આપની વેબસાઈટમાંથી વિગતો લઈ શકું? કઈ બાબત આવરી શકું, સુચવશો?'

અમેરિકાના કેલિફોર્નિયાથી ૧૩ વર્ષથી એક નાનકડી દીકરીએ ઈ-મેઈલમાં અંગ્રેજી ભાષામાં લખ્યું હતું. ઈ-મેઈલ મેળવનાર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી મેઘાણી અમદાવાદ બેઠા બેટા આ વાંચીને ગદ્ગદ્ થઈ ગયા.

એમણે હોંશે હોંશે તુરંત જ વિસ્તૃત જવાબ આપ્યો અને આ વેબસાઈટ બનાવવાની ભૂમિકા આપીને લખ્યું કે દાદાજીની વાતો, એમની કવિતા - નવલકથા અને પાત્રો દેશ-વિદેશના લોકો સુધી સરળતાથી પહોંચે એ હેતુ છે અને આવી રીતે જયારે કોઈ રસ દાખવે ત્યારે અત્યંત આનંદ થાય છે.








પ્રત્યેક ગુજરાતીને જેમના માટે ગૌરવ થાય એવા આ વ્યક્તિત્વ નામે શ્રી ઝવેરચંદ મેઘાણી અને તેમના શૌર્ય રસની વાતો અને સ્મરણ સુધી પિનાકીભાઈ પહોંચી ગયા મનોમન.

મહાત્મા ગાંધીએ એમને રાષ્ટ્રીય શાયરના ગૌરવપૂર્ણ બિરુદથી નવાજ્યા. તેમના બહુઆયામી વ્યક્તિત્વમાં એક સમર્થ સાહિત્યકાર, લોકસાહિત્યના સંશોધક, સ્વાતંત્ર્ય સેનાની, સંનિષ્ઠ પત્રકાર અને લોકજીવનના મરમી જેવા અનેક ગુણોનો સમન્વય જોવા મળ્યો હતો.

બ્રિટીશ કાઠિયાવાડ એજન્સી પોલીસમાં ફોજદાર તરીકે સેવા આપી રહેલા પિતા કાળીદાસ દેવચંદ મેઘાણી અને ધર્મપરાયણ માતા ધોળીમાના પરિવારમાં દશા શ્રીમાળી જૈન વણિક ગૃહસ્થીમાં એમનો જન્મ થયો. ૨૮ ઓગસ્ટ ૧૮૯૬ (શ્રાવણ વદ પાંચમ, નાગપચંમી, વિક્રમ સંવત ૧૯૫૨)ના દિવસે. સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ગામમાં પોલીસ બેડાના ક્વાર્ટરમાં એમણે પ્રથમવાર દુનિયાને જોઈ. પોલીસ પરિવાર અને પોલીસ બેઠા સાથે ઝવેરચંદ મેઘાણીના બાળપણની અનેક સ્મૃતિઓ જોડાયેલી છે.

ભારતના પ્રધાનમંત્રી અને ગુજરાતના તે સમયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૧૦માં 'સ્વર્ણિમ ગુજરાત'ની ઉજવણી દરમિયાન ૧૧૪મી મેઘાણી જયંતિએ સહુ પ્રથમવાર એમના જન્મ સ્થળને જાહેર જનતા માટે ખુલ્લું મુકાયું હતું. જન્મ સ્થળની બાજુમાં આવેલ નવનિર્મિત પોલીસ સ્ટેશનનું વર્ષ ૨૦૧૫માં 'રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પોલીસ ભવન' તરીકે નામકરણ થયું છે.

ગુજરાતનો સુલતાન નહનું ઝફર શાહ ત્રીજો, મુગલ બાદશાહ અકબર સાથેના યુદ્ધમાં હાર પામ્યા બાદ રજવાડામાં આશ્રય શોધતો હતો. નવાનગરના જામ સતાજીએ એને આશ્રય આપવાનું સ્વકાર્યું. ગુસ્સે થયેલા અકબરે મુઝફ્ફરને જીવતો પકડી લાવવા ગુજરાત ખાતેના પોતાના સુબા મિર્ઝા અઝીજ કોકાને લશ્કર અને સામગ્રી સાથે મોકલ્યો. જામ સતાજીએ રાજપૂત તરીકેના પોતાના ધર્મ અનુસાર મુઝફ્ફરનું રક્ષણ કરવાનો નિર્ધાર કર્યો. ભીષણ યુદ્ધ ખેલાયું, હજારો લોકો માર્યા ગયા અને ધરતી પર લોહીની નદીઓ વહી.

જામ સતાજીના પુત્ર કુમાર અજાજીના લગ્નની વિધિ ચાલુ હતી, અધુરા ફેરે તે સાથીઓ સાથે યુદ્ધના બાળપણના મિત્ર નાગ વજીરે પણ પોતાના બંને બાહુ છેદાયા બાદ ઠુંઠા હાથે ઝઝુમતા રહીને આખરે શહીદી વહોરી.

કહે છે કે દ્વારકાની યાત્રા કરીને પાછા ફરી રહેલા એક હજાર જેટલા નાગા બાવાની જમાતે આ દશ્યો જોયા - તેઓ પણ યુદ્ધમાં જોડાયા અને ઉમદા ઉદેશ કાજે લડતા લડતા તમામે પ્રાણની આહુતિ આપી.

રાજકોટ પાસેના ધ્રોળ નજીક ભૂચર મોરી ખાતે ખેલાયેલ ભીષણ યુદ્ધની કથની પર ઝવેરચંદ મેઘાણીએ એક નવલકથા લખી 'સમરાંગણ' જે ૧૯૩૮માં પ્રગટ થઈ.

સ્થળ જોયા પછી
ઝવેરચંદ મેઘાણી લખે છે

'સંવત ૧૬૪૮, શ્રાવણ વદ સાતમને બુધવારનો એ યાદગાર બનવા ધ્રોળના પાદરના રણથળ પર અંકિત છે એ કેવળ સંહારભૂમિ હોતે તો ઝાઝો રસ ન પડત. પણ ભૂચર મોરીનું એ પ્રેતસ્થાન માનવતાના સદ્-અસદ્ આવેશોની લીલાભૂમિ છે.'




'સમરાંગણ' એક જ મહિનામાં ચાલુ કામ સાથે પુરી કરેલી. જેવી હો તેવી, મને તો મારા અંતરની અંદર સંઘરાયેલી કવિતા જેવી હતી. 'સમરાંગણ' તને હું ભૂલી નહિ શકું' અને લખ્યું.

સંવત સોલ અડતાળીયે શ્રાવણ માસ ઉદાર,
જામ અજો સુરપુર ગયા, વદ સાતમ બુધવાર જેસો,
ડોયો, નાગડો, મેરામણ દસ ભાણ;
અજમલ ભેળા આવટે, પાંચે જોધ પ્રમાણ.
આજમ કોકો મારીયા સુબા મન સાઈ;
દળ કેતાં ગારદ કરે, રણ ધણ રચાઈ.

સાહસ - શૌર્ય - માતૃભૂમિ - માનવતા અને અતિથિ દેવો ભવની ભાવના સાથે સાથે જ વિશ્વાસ અને ભરોસો જેવા ગુણો આખીયે ઘટનામાં પ્રતિધ્વનિત થયા કરે છે અને ઝવેરચંદ મેઘાણીએ લખેલા શબ્દો લોક હૈયામાં આજે પણ ગુંજ્યા કરે છે.

(સંદર્ભ : ઝવેરચંદ મેઘાણી સંકલિત 'મેઘાણીગાથા'માંથી)

રાજકોટથી ૫૦ કિલોમીટરના અંતરે જામનગર જિલ્લામાં ધ્રોળ પાસે ભૂચર મોરીમાં ખેલાયેલ ભીષણ યુદ્ધની કરૂણ કથની પર આધારિત નવલકથા ઝવેરચંદ મેઘાણીએ લખી હતી જે ૧૯૩૮માં પ્રગટ થઈ.

શ્રાવણ માસના દિવસો અને તારીખ ૨૮ ઓગસ્ટે મેઘાણીના જન્મદિવસ નિમિત્તે સહજપણે આ ઘટનાનું સ્મરણ થયું.

આપણા ઈતિહાસના પાને પાને પોતાનો ધર્મ નિભાવવા - આશ્રય લેનારની રક્ષા કરવા - દેશની રક્ષા કરવા અને ઉમદા ઉદેશ માટે પોતાના પ્રાણની આહુતિ આપ્યાના ઉદાહરણો સુવર્ણ પૃષ્ઠો તરીકે અંકિત છે.

આવીવાતોને ઝવેરચંદ મેઘાણી તથા અન્ય લેખકોએ સમયે સમયે લોકો સુધી મુકી આપી છે પોતાની કલમ દ્વારા અને આજના જમાનામાં યુવાનો જયારે ઈતિહાસની આવી વાતોમાં રસ દાખવતા જોવા મળે ત્યારે આસપાસ અજવાળાં રેલાય છે.

**તેજપુંજ :**

હો રાજ મને
લાગ્યો કસુંબીનો રંગ